# <u>સંસ્થા ખાતે ચાલતા કુમાર છાત્રાલયમા મેસ (બ્લોક - એચ) ચલાવવા માટેનું ટેન્ડર ફોર્મ</u>

# એલ. ડી. કોલેજ ઓફ એન્જીનિયરીંગ, નવરંગપુરા, અમદાવાદ – ૧૫

| | |
|---|---|
| પરિશિષ્ટ-૧ | કરારની શરતો રૂ. ૧૦૦/-ના સ્ટેમ્પ પેપર પર આપવાની રહેશે. |
| પરિશિષ્ટ-૨ | દૈનિક મેનુ અને તૈયાર ભોજન પૂરું પાડવાના દર (તૈયાર ભોજનનું પ્રમાણ અને પ્રકાર સાથે) ભાવપત્રક |
| પરિશિષ્ટ-૩ | ટેન્ડર સાથે રજુ કરવાની વિગતો |
| પરિશિષ્ટ-૪ | પૂર્વ લાયકાત માટેનું પત્રક તથા ટેન્ડર ફોર્મ સાથે જોડવાના દસ્તાવેજ તથા પ્રમાણપત્રોની યાદી. |
| પરિશિષ્ટ-૫ | ભાવ પત્રક |
| ટેન્ડર ફોર્મ મેળવવાની તારીખ: | ટેન્ડર ફી ની રકમ નો ડ્રાફ્ટ હોસ્ટેલ ઓફીસ માં ભર્યા બાદ **તારીખ:૧૧/૧૧/૨૦૧૯** થી ૦૨/૧૨/૨૦૧૯ સમય ૧૩:૩૦ સુધી મેળવી લેવાનું રહેશે.<br>ટેન્ડર ફી ની રકમ ભરવાનો સમય ચાલુ દિવસે સવારે ૧૧:૦૦ વાગ્યા થી બપોરે ૦૧:૩૦ રહેશે. |
| પૂર્વ માહિતી (prebid) મીટીંગની તારીખ અને સ્થળ. | **તારીખ:૩૦/૧૧/૨૦૧૯** સવારે ૧૦:૩૦ વાગ્યે આચાર્યશ્રીની કચેરી, એલ. ડી. કોલેજ ઓફ એન્જીનિયરીંગ, નવરંગપુરા, અમદાવાદ – ૧૫ |
| ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ એલ. ડી. કોલેજ ઓફ એન્જીનિયરીંગ, નવરંગપુરા, અમદાવાદ ખાતે: | અર્નેસ્ટમની ડિપોઝિટનો ડ્રાફ્ટ , પરિશિષ્ટ-૩ અને પરિશિષ્ટ-૪ (પૂર્વ લાયકાત ફોર્મ) એક જ કવરમા મુકવાનું રહેશે. આ કવર ઉપર વંચાય તે રીતે પૂર્વ લાયકાત ફોર્મ લખવાનું રહેશે.<br><br>પરિશિષ્ટ-૫ (ભાવપત્રક) જુદા સીલબંધ કવરમા મૂકી આ તમામ કવરો અન્ય એક સીલબંધ કવર માં મુકવા. આ કવર ઉપર વંચાય તે રીતે ભાવપત્રક લખવાનું રહેશે.<br>ઉપર મુજબના બન્ને કવરો ત્રીજા સિલબંધ કવરમાં મુકવા એજન્સીએ આ ત્રીજા મોટા સિલબંધ કવર ઉપર મોટા અક્ષરે |

| | |
|---|---|
| | "કુમાર છાત્રાલય મેસનુ ટેન્ડર" લખી તેમા પૂર્વલાયકાતનું બંધ કવર તથા ભાવપત્રક સીલબંધ (ફરજીયાત) મુકી આ બંધ કવર **તારીખ:૦૨/૧૨/૨૦૧૯**ના રોજ સાંજના ૧૭:૦૦ કલાક સુધીમા આચાર્યશ્રીની કચેરી, એલ. ડી. કોલેજ ઓફ એંન્જીનિયરીંગ, અમદાવાદ ખાતે રૂબરુમા/રજીસ્ટર એ.ડી. થી મોકલવાનુ રહેશે |
| પૂર્વ લાયકાત માટેનું પત્રક ધરાવતું કવર ખોલવાની તારીખ, સમય અને સ્થળ. | **તારીખ:૦૫/૧૨/૨૦૧૯ સમય** સવારે ૧૦:૩૦ (હાજર રહેલ પ્રતિનિધીઓની ઉપસ્થિતીમા) આચાર્યશ્રીની કચેરી, એલ.ડી.કોલેજ ઓફ એન્જીનિયરીંગ, નવરંગપુરા, અમદાવાદ – ૧૫ |
| ભાવ પત્રક ધરાવતું કવર ખોલવાની તારીખ, સમય અને સ્થળ. | **તારીખ:૦૬/૧૨/૨૦૧૯ સમય** સવારે ૧૦:૩૦ (હાજર રહેલ પ્રતિનિધીઓની ઉપસ્થિતીમા) આચાર્યશ્રીની કચેરી, એલ.ડી.કોલેજ ઓફ એન્જીનિયરીંગ, નવરંગપુરા, અમદાવાદ – ૧૫ |
| સંસ્થા સાથે પત્ર વ્યવહાર માટેનું પુરૂ સરનામું | આચાર્યશ્રીની કચેરી, એલ.ડી.કોલેજ ઓફ એન્જીનિયરીંગ, નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦૦૧૫, (ગુજરાત) ફોન નંબર:૦૭૯-૨૬૩૦૬૭૫૨ |
| ટેંન્ડર ફી (ફોર્મની કિંમત) | રૂ.૧૦૦૦/- (અંકે રૂપિયા એકહજાર પુરા) ડી. ડી. રાષ્ટ્રીયકૃત બેંકનો "PRINCIPAL, L. D. COLLEGE OF ENGINEERING" payable at Ahmedabad નામનો (Non refundable) |

તારીખ:૦૭-૧૧-૨૦૧૯

આચાર્ય

લા. દ. ઇજનેરી મહાવિદ્યાલયઅમદાવાદ

# પરિશિષ્ટ-૧

# સંસ્થા ખાતે હોસ્ટેલની કુમાર છાત્રાલયની મેસ (બ્લોક - એચ) ચલાવવાનો ઇજારો આપવા અંગેની શરતો.

# (રૂ ૧૦૦ નાં સ્ટેમ્પ પેપર ઉપર)

૦૧) અરજી સાથે રૂ.૨૫૦૦૦/-નો રાષ્ટ્રીયકૃત બેંકનો ડ્રાફ્ટ “PRINCIPAL, L. D. COLLEGE OF ENGINEERING” payable at Ahmedabadના નામ જોગ અર્નેસ્ટમની ડિપોઝીટ તરીકે ભરવાના રહેશે. જે ઈજારો ન મળવાના કિસ્સામા દિન-૧૫ મા પરત મળવા પાત્ર રહેશે.

૦૨) એજન્સીએ ટેન્ડર સ્વીકાર્યાથી દિન-૩મા `૫૦,૦૦૦/-નો નેશનલાઈઝ્ડ બેંકનો ડ્રાફ્ટ સીક્યોરીટી ડીપોઝીટ તરીકે સંસ્થાના કાર્યાલયમા જમા કરાવવનો રહેશે. જે એજન્સીનુ ટેન્ડર સ્વીકારવામા આવશે તે એજન્સીની અરજી અન્વયે અર્નેસ્ટમનીની ડીપોઝીટનો ડ્રાફ્ટ સીક્યુરીટી ડીપોઝીટ તરીકે જમા લઈ શકાશે. અને બાકીની રકમનો ડ્રાફ્ટ જમા કરાવવાનો રહેશે. સીક્યોરીટી ડીપોઝીટ જમા થયા બાદ જ મેસ ચાલુ કરવાની મંજુરી આપવામા આવશે. ઉપરોક્ત સિક્યોરીટી ડિપોઝીટ રકમ કરારની તમામ શરતો અને કોન્ટ્રાક્ટની મુદત પૂર્ણ થયાના એક માસ બાદ, કામગીરી સંતોષકારક રહે અને તમામ બીલ સરભર થયે એજન્સીને પરત ચૂકવવામા આવશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ ઉપર કોઇપણ પ્રકારનુ વ્યાજ મળવાપાત્ર થશે નહી.

૦૩) ટેન્ડર ભરીને જે એજન્સી ટેન્ડરની હરિફાઇમા સામેલ થાય છે તે એજન્સી કોઈપણ સંજોગોમા ટેન્ડર પ્રક્રિયામાંથી પોતાની ઉમેદવારી રદ કરી શકશે નહી. ગેરલાયક ઠેરવવાની સત્તા આચાર્યશ્રીની પાસે રહેશે.

૦૪) જે એજન્સીનુ ટેન્ડર મંજુર થાય તેમજ ટેન્ડર ચલાવવા નાં સમય દરમ્યાન તે એજન્સી તે ટેન્ડરમા દર્શાવેલ કામગીરી કરી શકવાની અશક્તિ દર્શાવી શકશે નહી, જો કોઈ એજન્સી આવું કરશે તો શરત નં-૧, ૨ અન્વયે જમા લેવાયેલ ડિપોઝીટ પરત મળવાપાત્ર રહેશે નહી, જેની ગંભીર નોંધ લેવી.

૦૫) જો એજન્સી દ્વારા શરતોનુ પુરેપુરૂ પાલન નહી કરવામા આવે તો સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામા આવશે અને ઈજારો રદ કરવા સુધી ની કાર્યવાહી કરવામાં આવશે.

૦૬) છાત્રાલયમા એજન્સીને મેસ ચલાવવાનો કોન્ટ્રાકટ પ્રાથમિક તબક્કે ૦૧ વર્ષ સુધીનો રહેશે. સદર કરારમા ઘટાડો કે વધારો કરવાનો અધિકાર આચાર્યશ્રીનો રહેશે. જે અંગે સંબંધિત ઈજારાદારને એક માસ પૂર્વે માહિતગાર કરવામાં આવશે. જો એજન્સીની કામગીરી સંતોષકારક માલૂમ પડશે તો બીજા વર્ષ માટે મુદ્દત વધારી આપવામા આવશે.

૦૭)　એજન્સીએ વીજળીના બીલ માટે **માસિક રૂ.૫૦૦૦/-** અને જો ઈલેકટ્રીક મીટર અલગથી મુકવામા આવે તો જે બીલ આવે તે રકમ ભરવાની રહેશે.

૦૮)　પાણીનો પુરવઠો વિના મૂલ્યે આપવામા આવશે. જો એમ માલૂમ પડશે કે એજન્સી પાણીનો દુરઉપયોગ કરે છે તો પાણીનો પુરવઠો બંધ કરવામા આવશે. અને પાણી અંગેની વૈકલ્પિક વ્યવસ્થા એજન્સીએ જાતે જ કરવાની રહેશે.  એજન્સી એ ભોજન સાથે પીવાના પાણી માટે આર ઓ પ્લાન્ટ અને કુલર ની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.

૦૯ )　એજન્સીએ વિકાસફંડ તથા વીજળી બીલના નાણાં દર માસની ૧૦ તારીખ પહેલા ભરવાના રહેશે અને તેની પહોંચની એક નકલ હોસ્ટેલ કાર્યાલયમા આપવાની રહેશે. એમ કરવામા નિષ્ફળ જતા કોન્ટ્રાકટ રદ થવાને પાત્ર થશે તેમજ સદર નાણાની વસૂલાત એજન્સીએ જમા કરાવેલ સિક્યોરીટી ડીપોઝીટમાંથી કરવામાં આવશે.

૧૦ )　સૂચનો અને ફરિયાદો અંગેનુ એક રજીસ્ટર એજન્સીએ જાહેરમા ટેબલ પર રાખવાનુ રહેશે.

૧૧ )　એજન્સીએ છાત્રાલયમા કર્મચારી તરીકે પુખ્તવયના કર્મચારીઓને જ નિમવામા આવેલા હોવા જોઈએ.  આ કર્માચારીઓ ફરજ દરમ્યાન કોઈ ગંભીર/ચેપી બિમારીથી પીડાતા ન હોવા જોઈએ.

૧૨ )　મેસમા કામ ન કરતાં હોય તેવા બહારના પુરૂષો રાત્રે રોકાણ કરી શકશે નહી.

૧૩ )　રાંધવા માટે હલકી ગુણવત્તાનુ અનાજ, ખાદ્યતેલ, કઠોળ કે અન્ય ચીજવસ્તુઓ વાપરવી નહી. ભારત સરકારના Food Safety and Standards Act, 2006 ના ધારા ધોરણો મુજબની ખાદ્ય સામગ્રી વાપરવાની રહેશે.

૧૪ )　છાત્રાલયની મેસમા કામ કરતા કર્મચારીઓને એજન્સી તરફથી ગણવેશ આપવાનો રહેશે. ગણવેશ સિવાય કર્મચારીઓ પાસે કામ લઈ શકાશે નહી. કર્મચારી ઓ એ સ્વચ્છ ગણવેશ પહેરીને જ કામ કરવાનું રહેશે.

૧૫ )　ફૂડ કોન્ટ્રોલ ખાતા તરફથી તેમજ મ્યુનિસિપાલીટી હેલ્થ ખાતા તરફથી અવાર-નવાર તપાસણી થતા કસુરવાર જણાયે આપનો કોન્ટ્રાકટ કોઈપણ પ્રકારની જાણ કર્યા સિવાય રદ કરવામા આવશે તથા ડિપોઝીટ જપ્ત કરવામા આવશે.

૧૬ ) મેસમા ભોજનનો સમય સવારે ૯:૩૦ થી ૧૪:૦૦ તથા સાંજે ૦૭:૦૦ થી ૦૯:૩૦નો રહેશે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યને અસર ન પહોંચે એ હેતુસર તેમને સમયસર ભોજન પીરસવાનું રહેશે.

૧૭ ) એજન્સીની મેસના કોન્ટ્રાકટની મુદત પુરી થતા મેસ ને સંપૂર્ણ સ્વચ્છ કરીને ચાલુ હાલતમાં જ મેસનો ચાર્જ આચાર્યને સોંપવાનો રહેશે. તેમ કરવામા કસુર થશે તો સીક્યોરીટી ડીપોઝીટ જપ્ત થશે તેમજ મેસ ખાલી કરાવવા તેમજ સાફ કરાવવા માટે જે કાયદેસર કાર્યવાહી કરવામા આવશે તેનો સઘળો ખર્ચ એજન્સી પાસેથી વસુલ કરવામા આવશે.

૧૮ ) નિયમાનુસાર મેસ ચલાવવા માટેના બીજા જરૂરી લાયસન્સો અને પરવાનગીઓ જે તે ઠેકેદારે જે તે કચેરીમાથી બારોબાર પોતાની જાતે મેળવવાના રહેશે અને તેમા બેદરકારી રાખવા બદલ એજન્સીની ઇજારો તાત્કાલિક અસરથી રદ થશે.

૧૯ ) એજન્સીએ મેસમા જે નોકરો લાવવા પડે તે પોતાનાએ લાવવાના રહેશે. મેસમાં કામ કરતા દરેક કર્માચારીઓના નામ, સરનામા, આધારકાર્ડ તથા ફોટાની માહિતી સંસ્થાના કાર્યાલયમા આપવાના રહેશે. આ માહિતીમાં ફેરફાર થાયતો તાત્કાલિક કાર્યાલયને જાણ કરવાની રહેશે.

૨૦ ) એજન્સીએ મેસમા વાનગી બનાવવા માટે અને પીરસવા માટે તેમજ સફાઇ માટે જરૂરી કર્મચારીઓને એજન્સીએ પોતાના ખર્ચે રાખવાના રહેશે. આ કર્મચારીઓની વર્તુણુંક સારી, વિનયી હોવી જોઈએ અને તે કોઈ ગેરકાનૂરી પ્રવૃતિ ન કરે તે જોવાની જવાબદારી તેઓની રહેશે.

૨૧ ) એજન્સી જે કર્મચારીઓને રોકે તેમના પગાર, ખાધાખોરાકી અને અન્ય ખર્ચ એજન્સીએ ભોગવવાનો રહેશે. આ અંગે કચેરી જવાબદાર રહેશે નહી.

૨૨ ) એજન્સીએ દરરોજ મેસમા નોટીસ બોર્ડ પર રોજે રોજની વાનગીઓની યાદી લખવાની રહેશે.

૨૩ ) એજન્સી સીધી કે આડકતરી રીતે કોઈપણ પ્રકારનુ દબાણ લાવવાનો પ્રયત્ન કરશે તો તેનુ ટેન્ડર માન્ય રાખવામા આવશે નહી જેની ખાસ નોંધ લેવી.

૨૪ ) એજન્સી મેસના કોઈ ભાગને ભાડે અથવા પેટાભાડે આપી શકાશે નહી કે મેસના મકાનના વિના મંજૂરી કોઈ જાતનો ફેરફાર કરી શકાશે નહી.

૨૫ ) એજન્સી મેસમા સંસ્થા નાં વિભાગો ની પાર્ટી, રીસેપ્સન અને મેળાવડો આચાર્યશ્રીની અગાઉ લેખિત મંજુરી મેળવવીને રાખવાની રહેશે.

૨૬ ) મેસમા કામ વગર કોઈ છાત્ર, સંસ્થાના કર્મચારી કે અન્ય વ્યકિત બેસી ન રહે તે એજન્સીએ જોવાનુ રહેશે.

૨૭ ) મેસમા અને મેસની આસપાસની જગ્યાની સફાઇ કરાવવાની જવાબદારી એજન્સીની રહેશે. ચોમાસાની સિઝનમાં મેસમાં તથા મેસની આજુબાજુ પાણીનો ભરાવો ન થાય તેની સંપૂર્ણ કાળજી સ્વખર્ચે લેવાની રહેશે. મેસ તથા તેની આજુબાજુની જગ્યા સંપૂર્ણ સ્વરછ સ્વખર્ચે રાખવાની રહેશે. આ બાબતમાં ચૂક થશે તો તાત્કાલિક અસરથી કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે.

૨૮ ) એજન્સીએ મેસમા કામ સિવાય કોઈ બહારના છોકરાઓને પ્રવેશ આપવો નહિ. જો એમ કરતા માલુમ પડશે તો તેમનો કોન્ટ્રાકટ રદ કરવામા આવશે.

૨૯ ) મેસમા જમવું કે નહી તે બાબતે વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ નિર્ણય લઈ શકશે. વિદ્યાર્થીઓને મેસમા ફરજીયાત જમવાનુ રહેશે એવો આગ્રહ કે ફરજ પાડી શકાશે નહી.

૩૦ ) એજન્સીએ મેસમા ફરજ બજાવતા કર્મચારીઓને તેમની ફરજ દરમ્યાન કોઈ અકસ્માત, મૃત્યુ કે શારીરિક ઈજાનો પ્રસંગ બને તો તે અંગેની જવાબદારી એજન્સીની રહેશે. તથા તેણે જરૂરી વીમા ઉતરાવી લેવાના રહેશે. આ અંગે ચૂકવવા પાત્ર નુકશાની કે દાવાની કોઈ રકમની ચુકવણી સંસ્થા કરશે નહી. એજન્સીએ ફાયર સેફ્ટીના તમામ ધારા ધોરણો અનુસરવાના રહેશે.

૩૧ ) આચાર્યશ્રી/રેકટરશ્રી/કમીટી તરફથી વખતો વખત મળતી સૂચનાઓનુ પાલન કરવાનુ રહેશે.

૩૨ ) શરતી ટેન્ડર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. આચાર્યશ્રી, એલ.ડી.કોલેજ ઓફ એન્જીનિયરીંગ, અમદાવાદનો નિર્ણય આખરી અને બંધન કરતા રહેશે.

૩૩ ) એજન્સી પેટા કોન્ટ્રાક્ટ આપી શકશે નહી અને જો આમ થયાનું જાણવા મળશે તો એજન્સીને તાત્કાલીક અસરથી રદ કરવામાં આવશે.

૩૪ ) ભોજનની ગુણવત્તા સારી અને સ્વાસ્થય વર્ધક હોવી જોઈએ.

૩૫ )  કુમાર છાત્રાલયમાં મેસ નો ઈજારો જે એજન્સી એ સૌથી વધુ વિકાસ ફંડ નો ભાવ ભર્યો હશે તે ને મેસ રેક્ટર શ્રી ધ્વારા ફાળવવા માં આવશે.

૩૬ )  ધંધાની પ્રક્રિયાથી કોઈપણ પ્રકારનુ (વેસ્ટ/વોઈસ/નોઈસ/વાઈબ્રેશન/સ્મોક વિગેરે પ્રકારે) ન્યુસન્સ થાય નહી તે જરૂરી છે. જાહેર આરોગ્ય/જાહેરહિતના સામાન્ય નિયમોનુ પાલન નહી કરવામા આવતા જો મ્યુનિસિપલ કોર્પોરેશનને જાણ થશે તો તેનો વહીવટી ચાર્જ વસૂલ કરવામા આવશે. અને કાયદાકીય રાહે પગલા લેવામા આવશે.

૩૭ )  મેસવાળી જગ્યામા તથા બહાર કોઈપણ પ્રકારનો કચરો નાખવો નહી. તેમજ વેસ્ટ વોટર વહેવડાવવુ નહી. ભીનો કચરો તથા સૂકો કચરો અલગ અલગ પાત્રોમા એકઠો કરવો તથા આવા પાત્રો બંધ ઢાંકણવાળ હોવા ફરજીયાત છે. કીચન વેસ્ટ નિયમ મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ખાતાએ નક્કી કરેલ કોન્ટ્રાકટર પાસે કરાર કરી મ્યુનિસિપલ કોર્પોરેશનના માન્ય ડમ્પીંગ સાઈટ ઉપર નિકાલ કરવો.

૩૮ )  પીવાના તથા રસોઈ બનાવવાના પાણી સંગ્રહની તમામ ટાંકીઓ/સાધનો હવા ચૂસ્ત ઢાંકણથી બંધ રાખવા.

૩૯ )  કમીટીએ નક્કી કરેલ લઘુત્તમ લઘુતમ વિકાસ ફંડ (રૂ. ૫૦૦૦ ) કરતા જો એજન્સીએ ઓછો ભરેલ હશે તો તેવા કિસ્સામા એજન્સીને કોન્ટ્રાકટ ફાળવવામા આવશે નહીં. જો મહત્તમ ભાવો સરખા આવવાના કિસ્સામા એજન્સીનો અનુભવ અને અન્ય માપદંડને ધ્યાનમા લેવામા આવશે. એજન્સીને કોન્ટ્રાકટ આપવો કે નહી તેનો આખરી નિર્ણય આચાર્યશ્રી દ્વારા કરવામા આવશે.

૪૦ )  મેસ બિલ્ડીંગનો પ્રોપર્ટી ટેક્ષ જે આવે તે બીલની રકમ એજન્સીએ ચૂકવવાની રહેશે.

૪૧ )  પૂર્વલાયકાત ન ધરાવતી એજન્સીઓને ગેરલાયક ઠેરવવામા આવશે.

૪૨ )  મેસ વર્ષ નાં ૩૬૫ દિવસ ચાલુ રાખવાની રહે છે. ક્યારેક રજા રાખવાની થાય તો રેક્ટર શ્રી ની પૂર્વ મંજુરી લેવાની રહેશે.

૪૩)  જરૂરિયાત મુજબ ગર્લ્સ હોસ્ટેલ માં જમવાનું આપવાનું રહેશે.

૪૪)  કોઈ પણ મતભેદ કે તકરાર અમદાવાદ ન્યાય અધિકરણ ને આધીન રહેશે.

૪૫ )  ઉપરોક્ત સર્વે શરતો મે વાંચેલ છે, સમજેલ છે અને તે મને મંજૂર છે.

તારીખ:

સ્થળ:

અરજદારની સહી અને સિક્કા:

અરજદારનુ નામ અને સરનામુ:

## પરિશિષ્ટ-૨

## ભાવ પત્રક: (તૈયાર ભોજનનો પ્રકાર અને  પ્રમાણ)

| ક્રમ | વારનુ નામ | બપોરનાં ભોજનનો પ્રકાર | સાંજનાં ભોજનનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | સોમવાર | લીલોતરી શાક, કઠોળનુ શાક, દાળભાત, રોટલી/પુરી, કચુંબર, છાશ. | થેપલા/રોટલી/ભાખરી, સુકીભાજી, પુલાવ, છાશ, પાપડ, લીલોતરી શાક/કઠોળ. |
| ૨ | મંગળવાર | લીલોતરી શાક, કઠોળનુ શાક, દાળભાત, રોટલી/પુરી, કચુંબર, છાશ. | રોટલી/ભાખરી, ડુંગળી-બટાકા/ ટામેટા-વટાણા-બટાકા,  કઠોળનુ શાક, ખીચડી-કઢી, પાપડ, છાશ |
| ૩ | બુધવાર | લીલોતરી શાક, કઠોળનુ શાક, દાળભાત, રોટલી/પુરી, કચુંબર, છાશ. | છોલેચણા/પાઉ-ભાજી, પુલાવ, છાશ, ડુંગળી, મરચા, પાપડ. |
| ૪ | ગુરૂવાર | લીલોતરી શાક, કઠોળનુ શાક, | પંજાબી શાક/આલુ-મટર+કઠોળ/ |

| | | | |
|---|---|---|---|
| | | દાળભાત, રોટલી/પુરી, કચુંબર, છાશ. | મલાઇકોપતા, રોટલી/પરોઠા, દાલફ્રાઇ, જીરા-રાઈસ, છાશ, પાપડ. |
| ૫ | શુક્રવાર | લીલોતરી શાક, કઠોળનુ શાક, દાળભાત, રોટલી/પુરી, કચુંબર, છાશ. | દાળ-ઢોકળી, ભાત, સેવ-ટામેટાનું શાક, લીલોતરી/કઠોળનુ શાક, રોટલી, પાપડ, છાશ. |
| ૬ | શનિવાર | લીલોતરી શાક, કઠોળનુ શાક, દાળભાત, રોટલી/પુરી, કચુંબર, છાશ. | દાલ-બાટી, ભાત, ચટણી, છાશ, ડુંગળી, પાપડ. |
| ૭ | રવિવાર | રોટલી/પુરી, મીઠાઈ (મર્યાદિત જથ્થામા), ફરસાણ, લીલોતરી/ કઠોળનુ શાક, બટાકાનુ શાક, કઢી-ભાત/દાળભાત, કચુંબર. (રવિવારે છાશ આપવામા આવશે નહીં.) | ભાખરી/રોટલી, શાક, ખીચડી-કઢી, છાશ, પાપડ. |

**ફરસાણ (ચટણી સાથે): મીક્ષ ભજીયા, પાતરા, ખમણ, સેન્ડવીચ ઢોકળા, ગોટા, બટાકાવડા, કટલેશ, સેવરોલ.**

**મીઠાઈ:મોહનથાળ, ટોપરાપાક, ગુલાબજાંબુ, સોજીનો શીરો, ગાજર/દૂધીનો હલવો, સુખડી, કેરીનો રસ, શ્રીખંડ, ફ્રુડસલાડ, દૂધપાક.**

- મીઠાઈ દર રવિવારે ફરસાણ સાથે આપવાની રહેશે.
- પાસ લઈ જમનાર વિદ્યાર્થીઓએ અગાઉથી ડીપોઝીટના નાણાં જમા કરાવી પાસ (કુપન) મેળવી લેવાના રહેશે.
- વિદ્યાર્થીઓએ ઓછામા ઓછા ૧૫ દિવસના કુપન (૩૦ કુપન) એક સાથેજ લેવાના રહેશે. જેની વેલીડીટી ૩૦ દિવસ સુધી ચાલુ રહેશે. રવિવારના મીઠાઇના દિવસે બપોરના વિદ્યાર્થીઓ પાસનો ઉપયોગ કરી શકશે નહી.
- દૂધ/છાશ ૨૦૦ml. આપવાની રહેશે
- દૂધ/છાશ, સિવાયની આઇટમો અમર્યાદિત જથ્થામા આપવાની રહેશે.
- મીઠાઇ મર્યાદિત જથ્થામા આપવાની રહેશે.

**ઉપરોક્ત મેનુ પ્રમાણે તૈયાર ભોજન પૂરૂં પાડવાનો સવાર/સાંજનો થાળીનો દર:**

સવાર/સાંજ થાળીનો દર રૂપિયા ૪૫/-

આપે આપેલા ભાવ મુજબ જ છુટક જમનારા વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા ૦૫/- તથા મીઠાઇના દિવસે તમામ જમનારા વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા ૨૦/- નો ભાવ વધારો આપવામા આવશે.

**નોંધ: ભાવ-પત્રક (પરિશિષ્ટ - ૫ ) અલગ કવરમાં આપવું.**

અરજદારની સહી અને સિક્કા:

અરજદારનુ નામ અને સરનામુ:

# પરિશિષ્ટ-૩

## છાત્રાલયના ટેન્ડર સાથે રજુ કરવાની વિગતો

| | | | |
|---|---|---|---|
| ૧ | એજન્સીના માલીકનુ નામ | : | |
| | એજન્સીનુ નામ તથા સરનામુ | : | ............................................................. ............................................................. ............................................................. |
| ૨ | રજીસ્ટ્રેશન કેન્દ્ર સરકારના વિભાગો/રાજ્ય સરકારના વિભાગો/મ્યુનિસિપલ કોર્પોરેશન ...વગેરેનું રજીસ્ટ્રેશન નોંધણી નંબર | : | |
| ૩ | માલિક/ભાગીદારોનાનામ/સરનામુ ફોટા (કુલ મુખત્યાર) | : | |
| ૪ | એજન્સી માલિક/ભાગીદારનો ટેલિફોન નંબર અને ઈ-મેઈલ | : | |
| ૫ | ભારત સરકાર દ્વારા ૦૫/૦૮/૨૦૧૧ થી | : | |

| | | | |
|---|---|---|---|
| | લાગુ કરવામાં આવેલ Food Safety and Standards (Licensing and Registration of Food Businesses) Regulations, 2011 મુજબનું સક્ષમ સત્તાધીકારીનું માન્ય પરવાનાની પ્રમાણિત નકલ.* | | |
| ૬ | વ્યવસાયમા જોડાયાનુ વર્ષ | : | |
| ૭ | વ્યવસાયવેરો રજીસ્ટ્રેશન નંબર | : | |
| ૮ | GST રજીસ્ટ્રેશન નંબર | : | |
| ૯ | પ્રોવિડન્ટ ફંડ ઈ.એસ.આઈ. નંબર (લાગુ ન પડતુ હોય તો કારણો દર્શાવવા) | : | |
| ૧૦ | નાણાકીય વર્ષના વાર્ષિક ટર્ન ઓવરની વિગતો એજન્સીનુ પોતાનુ વાર્ષિક ટર્ન ઓવર ૧૦ લાખ રૂપિયાનુ હોવુ જોઈએ. | : | |
| ૧૧ | આવક વેરા હેઠળ નોંધાવેલ PAN નંબર | : | |
| ૧૨ | એજન્સી પાસે તાલિમબદ્ધ સ્ટાફ છે?<br>રસોઈ યંત્રો છે?<br>ક્યા ક્યા?<br>તેની વિગત | :<br>: | |
| ૧૩ | પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે?<br>કોઈપણ સંસ્થાના નાણાંકિય ડિફોલ્ટર નથી, રેકર્ડ પર પોલીસ કેસ નથી તેનુ નોટરી કરાવેલુ બાહેધરી પત્ર આપવું. | : | |
| ૧૪ | અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ ભર્યાની રસીદની વિગત ડ્રાફ્ટ નંબર તારીખ બેંકની વિગત | :<br>: | |
| ૧૫ | મેસ ચલાવવાનો અનુભવ (જો હોય તો) વિગતો :<br>( તે અંગેના પ્રમાણ પત્રો (નકલ સામેલ રાખવી)) | : | |

| | | | |
|---|---|---|---|
| ૧૬ | ટેન્ડર ફીની રકમ રૂ.૧૦૦૦/- ભર્યાની રસીદની વિગત - ડ્રાફ્ટ નંબર તારીખ બેંકની વિગત | | |

અરજદારની સહી અને સિક્કા:

અરજદારનુ નામ અને સરનામુ:

# પરિશિષ્ઠ ૪

# (પૂર્વલાયકાત ફોર્મ)

કુમાર છાત્રાલયના ટેન્ડર ફોર્મ સાથે જોડવાના દસ્તાવેજ તથા પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલો

| ક્રમ | જોડવાના દસ્તાવેજ અથવા પ્રમાણપત્રો | **દરખાસ્ત નો પાના નંબર લખવું** |
|---|---|---|
| ૧ | અરજદારના પાસપોર્ટ સાઈઝના ફોટા નંગ – ૨ | લાગુ પડતું નથી |
| ૨ | ફોટા સાથેની કાયમી રહેઠાણના પુરાવાની નકલ (આધાર કાર્ડ અથવા અન્ય સરકારી પ્રમાણ ) | |
| 3 | અર્નેસ્ટમની ડી. ડી. ચેક નં : _________ તારીખ _____________<br>બેંક : ______________________________<br>રકમ રૂ.: ______________________________<br>(ઝેરોક્ષ સામેલ કરવી) | |
| ૪ | ગુમાસ્તાધારા અંતર્ગત સંસ્થાની નોધણી અંગેનું સક્ષમ સત્તાધીકારીનું માન્ય પ્રમાણપત્રની નકલ. | |
| ૫ | ભારત સરકાર દ્વારા ૦૫/૦૮/૨૦૧૧ થી લાગુ કરવામાં આવેલ Food Safety and Standards (Licensing and Registration of Food Businesses) Regulations, 2011 મુજબનું સક્ષમ સત્તાધીકારીનું માન્ય પ્રમાણપત્રની નકલ. | |
| ૬ | એજન્સી નાં નામ થી પાનકાર્ડની પ્રમાણિત નકલ | |

| | | |
|---|---|---|
| ૭ | એજન્સી નાં નામ નું GSTની પ્રમાણિત નકલ | |
| ૮ | એજન્સી નાં નામ થી છેલ્લા 3 (ત્રણ) નાણાકીય વર્ષના વાર્ષિક ટર્ન ઓવરની C.A. દ્વારા પ્રમાણિત પ્રમાણપત્ર આપવું. | |
| ૯ | એજન્સી નાં નામ થી છેલ્લા ત્રણ વર્ષના નાણાંકિય આઈ. ટી. રીટર્ન અને બેલેન્સ સીટની વિગતો | |
| ૧૦ | કોઈ પણ સ્થળે કામગીરી બદલ 'અયોગ્ય' ઠરાવાયેલ નથી એવું અરજદારની નોટરી દ્વારા પ્રમાણિત નકલ. | |
| ૧૧ | પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે? એજન્સી કે અરજદાર નાણાંકિય ડિફોલ્ટર નથી, રેકર્ડ પર પોલીસ કેસ નથી તેનુ નોટરી કરાવેલુ બાહેધરી પત્ર આપવું. | |
| ૧૨ | હાલમાં કામ/ કોન્ટ્રાક્ટ મેળવેલ હોય તેવી સંસ્થાઓના વર્ક ઓર્ડર અને સંતોષકારક કામગીરીના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ. | |
| ૧૩ | ઉપરોક્ત તમામ સામેલ દસ્તાવેજોને પાના નંબર ક્રમાંક ૧ થી શરુ કરી છેલ્લા પાના સુધી નંબર આપવા. ત્યારબાદ તમામ પાનાઓ ક્રમમાં સ્કેન કરીને CD માં લખી CD સામેલ કરવાની રહેશે. | CD |

અરજદારની સહી અને સિક્કા:

અરજદારનુ નામ અને સરનામુ:

ચકાસણી કરનાર અધિકારીઓના નામ અને સહી:

(૧) (૨)

(3) (૪)

(૫) (૬)

# <u>પરિશિષ્ટ ૫</u>

## મેસ નંબર ૪

# ભાવપત્રક

| ક્રમ નંબર | મેસની વિગત | વિકાસ ફંડ પેટે રકમ (ઓછામાં ઓછા રૂ ૫૦૦૦ ) |
|---|---|---|
| ૧ | મેસ નંબર ૪ (બ્લોક H) | |

અરજદારની સહી અને સિક્કા:

અરજદારનુ નામ અને સરનામુ: